# ગાંધીનગર સિવિલમાં બે વર્ષમાં ૭૫૨૯ દર્દીના સીટી સ્કેન કરાયા

## છેલ્લા બે વર્ષમાં ખેડૂતોને વીજ બિલમાં સબસીડી પેટે ૬૭૨ કરોડ અપાયા : ૬૯ નિવૃત્ત સરકારી કર્મચારી-અધિકારી પાસેથી ૪૨,૯૪,૬૮૮ની ભાડા વસુલાત બાકી હોવાની નાયબ મુખ્યમંત્રીની કબુલાત

ગાંધીનગર, તા. ૧

ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રના આજે અંતિમ દિવસે ગૃહની બે બેઠકોનું આયોજન કરાયુ હતુ. સરકાર દ્વારા નિયત થયેલો તમામ એજન્ડા અને કામ સંપન્ન થયા છે. આ સત્ર દરમ્યાન નાણાંકીય કામગીરી અર્થાત અંદાજપત્રની કામગીરી જ મહત્વની હતી આ ઉપરાંત સરકારી વિધેયકો પણ મંજૂર થયા છે.

આજે ગૃહમાં નાણાં, માર્ગ-મકાન, આરોગ્ય પરિવાર, ઊર્જા, સામાજિક ન્યાય અધિકારીતા વિભાગને લગતી પ્રશ્નોત્તરી રજુ થઈ હતી.

● **કુંવરબાઈનું મામેરૂ યોજના**

દહેગામના બલરાજસિંહ ચૌહાણ અને ગાંધીનર (દ)ના શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરૂ યોજના અંતર્ગત મળેલ અરજીઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૧૧૭ અરજીઓ મળી હતી.

આ પૈકી ૧૧૬ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને તેમને રૂ. ૧૧,૬૦,૦૦૦ની સહાય ચુકવવામાં આવી છે.

● **જિલ્લામાં ફિડરોનું વિભાજન**

ધારાસભ્ય બાબુભાઈ પટેલ, માણસાના સુરેશભાઈ પટેલ અને અરવિંદભાઈ પટેલે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં જિલ્લામાં બે વર્ષમાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે ૭૩ ફિડરોનું વિભાજન કરવામાં આવ્યુ છે તેમ ઊર્જામંત્રીએ જણાવ્યુ છે. તેમણે સભ્યોના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે આ માટે રૂ. ૧૨૬૫.૪૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

● **સિવિલમાં સીટીસ્કેન મશીનો**

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ગાંધીનગર સિવિલમાં સીટીસ્કેન મશીનો અંગેના પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્યના આરોગ્ય વિભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે એક મશીન હાલ સિવિલમાં છે.

તેમણે સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે છેલ્લા બે વર્ષ દરમ્યાન ૭૫૨૯ દર્દીઓના સીટી સ્કેન કરવામાં આવ્યા છે. જેમાં ૨૦૧૯માં ૪૮૮૯ અને ૨૦૨૦માં ૨૬૪૦ દર્દીઓનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યુ હતુ કે આ વિભાગમાં રેડિયોલોજીના વડા, સિનીયર રેસિડેન્ટ બે અને એક સી.પી.એસ. રેડીયોલોજીસ્ટ મળી કુલ ૪ અધિકારીઓ ફરજ બજાવે છે.

અપક્ષ ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ પુછેલા એક અન્ય પ્રશ્નના ઉત્તરમાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ છેકે ૧૦-૮-૨૦ થી ૧૫-૨-૨૧ સુધી મશીનમાં ટેકનીકલ ક્ષતિને કારણે બંધ હતુ. જો કે તેનુ સમારકામ પૂર્ણ થયેલ છે અને ૧૬-૨-૨૧ થી તે કાર્યરત છે.

● **કૃષિક્ષેત્રે વીજ બિલમાં રાહત**

સાબરમતીના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ અને દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ કૃષિક્ષેત્રે વીજબિલમાં અપાયેલી રાહત અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં ઊર્જામંત્રીએ જણાવ્યું છે કે ૨૦૧૯માં ૧૮,૩૩૪ ખેતીક્ષેત્રના વીજ ગ્રાહકોને અને ૨૦૨૦માં ૧૮,૮૮૪ ખેતીક્ષેત્રના વીજ ગ્રાહકોને સબસીડી આપવામાં આવી છે.

તેમણે સભ્યોના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે રાજ્ય સરકાર દ્વારા જિલ્લાના ખેડૂતોને વીજબિલમાં રાહત માટે વર્ષ ૨૦૧૯માં રૂ. ૩૩૪.૬૬ કરોડ અને ૨૦૨૦માં રૂ. ૩૩૮.૧૦ કરોડની સબસીડી આપવામાં આવી છે.

**વિધાનસભામાં ગાંધીનગર**
**- પ્રકાશ જહા**

● **સરકારી કર્મચારીઓ દ્વારા આવાસ વધુ સમય રાખવા**

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ છેલ્લા બે વર્ષમાં નિવૃત્તિ પછી પણ આવાસનો કબ્જો વધુ સમય રાખવા માટે મળેલ અરજીઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં માર્ગ-મકાન વિભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે વર્ષ ૨૦૧૯માં ૭૯૯ અરજીઓ અને વર્ષ ૨૦૨૦માં ૪૬૪ અરજીઓ મળી કુલ ૧૨૬૩ અરજી મળી હતી. આ પૈકી ૨૦૧૯માં ૭૯૯ અને ૨૦૨૦માં ૩૬૩ અરજીઓ મળી કુલ ૧૧૬૨ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી.

તેમણે જણાવ્યુ છે કે આ અધિકારીઓ કર્મચારીઓ પાસેથી બે વર્ષ દરમ્યાન સ્ટાન્ડર્ડ ભાડાના દરે રૂ. ૨૨,૮૦,૧૭૪ની વસુલાત, આર્થિક ભાડાના દરે રૂ. ૩૬,૭૭,૭૦૫ની વસુલાત અને માર્કેટ રેટ પ્રમાણે રૂ. ૩૫,૭૨,૦૦૮ની વસુલાત કરવામાં આવી છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ છે કે ૬૯ જેટલા કર્મચારી અધિકારી પાસેથી રૂ. ૪૨,૯૪,૬૮૮ની વસુલાત બાકી છે અને તે વસુલવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

● **અને છેલ્લે...**

દહેગામના બલરાજસિંહ ચૌહાણ અને ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે આંતરજ્ઞાતિય લગ્ન સહાય અંગેના પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાવ્યુ છે કે ૪૧ અરજીઓ તંત્રને મળી હતી અને તે તમામ મંજૂર કરી રૂ. ૩૧ લાખની સહાય ચુકવવામાં આવી છે.





## કલેક્ટર કચેરી ખાતે ઉમેદવારોનો મેળો ભરાયો

છેલ્લા દિવસે ઉમેદવારો ફોર્મ ભરવા માટે આવતા કલેકટર કચેરી ખાતે મેળા જેવો માહોલ જામ્યો હતો. ભાજપ, કોંગ્રેસ, આપ, બહુજન સમાજ પાર્ટી, જીપીપી સહિત અપક્ષ ઉમેદવારો પણ એક સાથે પોતાના ટેકેદારોને લઈને ઉમટી પડ્યા હતા. ભીડ ભેગી થવાના એંધાણને પગલે સવારથી જ પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો. જો કે કોવીડની મહામારીમાં ઉમેદવારો સાથે ગણતરીના ટેકેદારને પ્રવેશ આપવામાં આવતો હતો. જયારે બાકીના અન્ય હોદેદારો અને કાર્યકરોને કલેકટર કચેરીથી બહાર ધકેલી દેવાયા હતા. ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીના ફોર્મ ભરવાના અંતિમ દિવસે કલેકટર કચેરી ખાતે એક સાથે ઉમેદવારો ઉમટી પડ્યા હતા. કલેકટર કચેરી ખાતે સવારથી જ કાર્યકરો અને હોદેદારોની આવવાની શરુઆત થઈ ગઈ હતી. જયારે સવારે ૧૦ વાગ્યાના અરસામાં વિવિધ પક્ષના ઉમેદવારો ખુલ્લી જીપ, ગાડી કે સાયકલ પર ઉમેદવારી પત્ર ભરવા માટે ઢોલ નગારા સાથે પોતાના સગા-સ્નેહીજનો અને પક્ષના હોદેદારો કાર્યકરો સાથે મોટીસંખ્યામાં આવી પહોંચ્યા હતા. જયારે કલેકટર કચેરીના આસપાસના વિસ્તારમાં ગાડીઓનો ખડકલો થઈ ગયો હતો. જયારે ઘ માર્ગ પર ટ્રાફિકજામની સમસ્યા સર્જાઈ હતી. જયારે માનવ મહેરામણને પગલે ચા-નાસ્તાની, ખાણીપીણીની લારીવાળાઓને ઘરાકી થવાથી બખ્ખા થઈ ગયા હતા. ગુરુવારના રોજ કલેકટર કચેરીના આસપાસના વિસ્તારમાં સવાર થી સાંજ સુધી નાગરીકોથી ભરચક રહેતા મેળા જેવો માહોલ જોવા મળ્યો હતો.

# સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના જુના થાંભલા ગમે ત્યારે જોખમી પુરવાર થશે

## સે-૭ માં નવા પોલ્સ નાંખવામાં આવ્યા પરંતુ નમી પડેલા ભયજનક થાંભલા યથાવત : જોખમી થાંભલા દુર કરવા સ્થાનિકોની રજુઆત

ગાંધીનગર તા ૧

સેકટરોમાં વર્ષોના અંતે પણ જુના કટાયેલા સ્ટ્રીટ લાઈટના થાંભલા હજુ યથાવત છે. કેટલાક ઠેકાણે નવા થાંભાલ નાંખવામાં આવી રહ્યા છે. પરંતુ જુના અને જોખમી થાંભલા દુર ન થતા ગમે ત્યારે આ નમી પડેલા પોલ્સ જમીનદોસ્ત થાય તેવી દહેશત છે. સે-૭ માં પણ આવી જ સ્થિતિ છે. સેકટરવાસીઓએ ત્વરિત આ થાંભલા દુર કરવા માટે તંત્ર સમક્ષ રજુઆત કરી છે.

શહેરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા કટાયેલી અને કંગાળ હાલતમાં જોવા મળે છે. નમી પડેલા અને કટાયેલા થાંભલા પૈકી કેટલાકના ઢાંકણો પણ ખુલ્લા હોવાથી જોખમી સ્થિતિ જોવા મળી રહી છે. સેકટરોમાં દાયકાઓના અંતે પણ નવા થાંભલા નાંખવાની કામગીરી પુર્ણ થઈ શકી નથી જયારે કેટલાક ઠેકાણે નવા પોલ્સ નાંખવામાં આવ્યા બાદ હજુ જુના કટાયેલા થાંભલા જોખમી હાલતમાં યથાવત છે. જેના લીધે સેકટરવાસીઓ માથે ખતરો જળુંબી રહ્યો છે. માર્ગની



એકબાજુએ નમી પડેલી હાલતમાં સ્થિત આ થાંભલા ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી હાલતમાં છે. આમછતા આ પોલ્સ દુર કરવા માટે ઝડપથી કામગીરી હાથ ધરવામાં આવતી નથી. સે-૭ માં લાંબા સમયના અંતે નવા પોલ્સ નાંખવામાં આવ્યા છે. પરંતુ હજુ સુધી જુના નમી પડેલા થાંભલા યથાવત જોવા મળી રહ્યા છે. જેના લીધે સ્થાનિકોમાં પણ આક્રોશ પ્રવર્તયો છે. સેકટરના રીંગ રોડ પર સ્ટ્રીટ લાઈટના નવા થાંભલા નાંખવાની કામગીરી ચાલુ છે. કેટલાક ઠેકાણે નવા અને જુના બન્ને પોલ્સ જોવા મળી રહ્યા છે. નવા થાંભલાની કામગીરી દરમિયાન ખોદકામના અંતે જુના પોલ્સ નમી પડેલા જોવા મળે છે. આવા સંજોગોમાં માર્ગોની આસપાસ સ્થિત આ જોખમી થાંભલા દુર કરવા માટે પણ સ્થાનિકોએ રજુઆત કરી છે. જયારે અન્ય સેકટરોમાં પણ સે-૭ ની જેમ નવા પોલ્સ નાંખવા માટે રજુઆત કરવામાં આવી છે. સે-૩ માં લાંબા સમયથી કટાયેલા અને કંગાળ પોલ્સ દુર કરી નવા નાંખવા માટે તેમજ લાઈટનુ ફીટીંગ બદલવાની પણ અનિવાર્યતા હોવાનો સુર સ્થાનિકો ઉઠાવી રહ્યા છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર કલેકટર કચેરીમાં આજે મહાનગર પાલિકાની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે "રાજકીય મેળો" ભરાયો હોય તેવો માહોલ જોવા મળ્યો હતો.
● ગાંધીનગર મેડીકલ કોલેજના ૧૫ જેટલા અધ્યાપકોની બદલી ઈન્સ્પેક્શનને લઈ કરાઈ હતી તે આજે પરત ફર્યા છે.
● મતદાન માટે કોરોનાની સ્પેશ્યલ કીટ મનપાના તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવી રહી છે.
● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૬૭૯ લોકોને કોરોના વેક્સીનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
● ગાંધીનગર શહેરમાં પણ આજે ૩ હજાર જેટલા લોકોને વેક્સીનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
● કલેક્ટર કચેરીમાં ઉમેદવારી પત્ર ભરવા માટે ઉમેદવારો અને સમર્થકોના ધસારાને નિયંત્રિત કરવા કચેરીએ આવતા તમામ માર્ગો પોલીસને બંધ કરવાની ફરજ પડી હતી.
● ગાંધીનગર શહેરમાં ટ્રાફિકનું ભારણ ગરમીને કારણે ઘટવા પામ્યુ છે જયારે ઈવનીંગ વોકર્સની સંખ્યામાં વધારો થયો છે.
● ગૃહ રાજય મંત્રીના કાર્યાલયમાં શ્રી રિનીશ ભટ્ટ અને વિધાનસભા સચિવાલયના નાયબ સચિવ ચેતન પંડ્યા કોરોનાથી સંક્રમિત

# ગાંધીનગર એસ.ટી. ડેપોના ૧૩૮ કર્મચારીઓને કોવિડની રસી અપાઈ

## જિલ્લા કલેકટરે પણ મુલાકાત લઇ કર્મચારીઓને વેકિસનેશન માટે પ્રોત્સાહીત કર્યા

ગાંધીનગર તા ૧

સમગ્ર દેશમાં કોરોનાએ કાળોકેર વર્તાવ્યો છે. કોરાનાના કેસ દિનપ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે ગાંધીનગરમાં પણ કોરોનાનુ વધતુ



સંક્રમણ નાગરિકો માટે ચિંતાનુ કારણ બન્યુ છે. ત્યારે ઝડપી વેક્સિનેશન માટે પણ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. ગાંધીનગર ડેપોમાં આજે કોવિડ રસીકરણ અન્વયે ૧૩૮ જેટલા કર્મચારીઓને રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. આ દરમિયાન જિલ્લા કલેકટરે પણ મુલાકાત લઈ કર્મચારીઓને રસીકરણ માટે પ્રોત્સાહીત કર્યા હતા.

સમગ્ર દેશમાં કોરાનાના કેસ વધી રહ્યા છે. જયારે વધતા કેસ સામે વેકિસનેશનનુ અભિયાન તેજ ગતિએ હાથ ધરાયુ છે. ગુજરાતમાં પણ કોરોનાના કેસમાં ઉછાળો નોંધાયો છે. જયારે કોરોનાના કેસ વધતા વેકિસન લેવા માટે નાગરિકોમાં પણ જાગૃતતા આવી છે. ગાંધીનગરમાં પણ તબક્કાવાર રસી આપવા માટે ઝડપી કામગીરી થઈ રહી છે. આગામી બે સપ્તાહમાં ૪૫ વર્ષ અને તેનાથી વધુ ઉંમરના વ્યકિતઓને પ્રાથમિકતાના આધારે વેકસિન આપવામાં આવશે. કેન્દ્ર સરકારે પણ રાજય સરકારોને વેકિસનેશન ઝડપથી કરવા માટે સુચના આપી છે. ગાંધીનગરમાં પણ વિવિધ હેલ્થ સેન્ટરો તેમજ સિવિલ હોસ્પિટલમાં વેકિસન આપવામાં આવી રહી છે. આજે ગાંધીનગરના એસ ટી ડેપોમાં પણ કર્મચારીઓને રસી આપવામાં આવી હતી. ફ્રન્ટ લાઈન વોરિયર્સને પ્રથમ અગ્રતા આપી રસી આપવામાં આવી રહી છે. એસ ટી ડેપોમાં પણ ડ્રાઈવર કંડકટર સહીતના કર્મચારીઓને વેકિસન આપવા માટે આજે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી આ દરમિયાન ગાંધીનગર ડેપોના ૧૩૮ જેટલા કર્મચારીઓએ વેકિસન આપવામાં આવી હતી.એસ ટી ડેપો ખાતે યોજાયેલા રસીકરણના કાર્યક્રમ દરમિયાન મહીલા હેલ્થ વર્કર સુનિતાબેન, મેઘાવી પટેલ તેમજ વિરેનભાઈની ટીમે રસીકરણની કામગીરીમાં સહયોગ આપ્યો હતો. ડેપોના ૧૩૮ કર્મચારીઓને વેકિસનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. કર્મચારીઓ પણ ઉત્સાહભેર વેકિસન લઈ અન્યને પણ રસી લેવા માટે સંદેશો આપ્યો હતો.

## શાહપુર બ્રિજ નીચેથી અજાણી મહિલાનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર,તા.૧

ગાંધીનગર શાહપુર બ્રિજ નીચેથી એક અજાણી મહિલાનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. મહિલાનો મૃતદેહ અંદાજીત ત્રણ થી ચાર દિવસ પડી રહેલો હોવાથી જાનવરોએ બચકા પણ ભરી લીધા હતા. શાહપુર બ્રિજ નીચે મહિલાનો મૃતદેહ મળતા સ્થાનિક નાગરીકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

ધોળાકુવા સર્કલ થી ગીફટસીટી તરફ જવાના માર્ગ પર શાહપુર સાબરમતિ નદીના બ્રિજ નીચેથી સવારના સુમારે એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ મળ્યાની વાત વાયુવેગે ફેલાતા આસપાસમાંથી મોટીસંખ્યામાં નાગરીકો દોડી આવ્યા હતા. બનાવની જાણ થતા ડભોડા પોલીસ મથકના સ્ટાફના જવાનો આવી ગયા હતા. પોલીસે તપાસ કરતા બ્રિજ નીચે ઝાડી વિસ્તારમાં ખુણામાં મૃતદેહ પડ્યો હતો. અંદાજીત ૩૦ થી ૩૫ વર્ષની મહિલાના મૃતદેહને ૩ થી ૪ દિવસનો સમય થઈ ગયો હોવાનું લાગી રહ્યું હતું. મૃતદેહ પર જાનવરના બચકા ભર્યાના નિશાન પણ મળી આવ્યા છે. મહિલાના મૃતદેહની આસપાસ કોઈ પુરાવા ન મળતા મહિલાની ઓળખ થઈ શકી નથી.



## ગાંધીનગર એપીએમસી આધુનિક સુવિધાઓથી સજ્જ નવિન હોલનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર એ.પી.એમ.સી. સતત વિકાસના નવા સોપાનોમાં હરણફાળ ભરી રહી છે. ત્યારે ધુળેટી પર્વના શુભ દિવસે આધુનિક સુવિધાઓથી સજ્જ નવીન હોલનું ઉદ્‌ઘાટન અમદાવાદ પૂર્વના સાંસદ હસમુખભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યુ હતુ. તેમને એ.પી.એમ.સી.ની કામગીરીને બિરદાવી હતી. આ પ્રસંગે એ.પી.એમ.સી.ના ચેરમેન અશોકભાઈ પટેલ - વકીલ, જિલ્લા પંચાયતના પ્રમુખ દિલિપભાઈ પટેલ, આઈ.બી. વાઘેલા, હસમુખભાઈ કે. પટેલ, લાલભાઈ પટેલ, લલિતસિંહ યાદવ, રસિકભાઈ પટેલ, કનુભાઈ પટેલ સહિત ડિરેકટરો તથા જિલ્લા સહકારી ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# બાપુ કોલેજમાં નવી શિક્ષણ નીતિ પર વેબિનાર

ગાંધીનગરની શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી સાયન્સ એન્ડ હ્યુમાનીટી વિભાગ દ્વારા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ વિષયે વેબિનાર યોજવામાં આવ્યો હતો. ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, ડાયરેક્ટર ડૉ. રવિકુમાર અને પ્રિન્સિપાલ ડૉ. કિંજલ અધવર્યુએ વેબિનારના આયોજન માટે ડૉ. વિશાલ પટેલ અને સમગ્ર સાયન્સ એન્ડ હ્યુમાનિટી ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર ખાતે આવેલ શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી - ડિપ્લોમા દ્વારા ઉર્જા સંરક્ષણ જાગૃતિ કાર્યક્રમ પર જેડા પ્રાયોજિત વન ડે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને ઉર્જા સંરક્ષણના મહત્વ વિશે માહિતગાર કરાયા હતા. વેબિનારમાં ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને ૨ નિષ્ણાતોએ તેમના વિષયને વિતરિત કર્યા હતા. ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, ડાયરેક્ટર પ્રો.રવિકુમાર અને પ્રિન્સીપાલ પ્રો.ખાલિદ સિદીકી અને સમગ્ર ડિપ્લોમા વિભાગને અભિનંદન પાઠવ્યા હતા.

## આજે શહેરમાં ગુડ ફ્રાઈડેનું પર્વ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં તા. ૨જી એપ્રિલ શુક્રવારે ખ્રિસ્તી સમુદાય ગુડ ફ્રાઈડેની ઉજવણી કરશે. શહેરના વિવિધ સેક્ટરોમાં આવેલા ખ્રિસ્તી દેવળો-ચર્ચોમાં એકઠાં થઈને પ્રાર્થના કરશે અને પ્રભુ ઈશુ ખ્રિસ્તના બલિદાનની યાદને તાજી કરશે. ગુડ ફ્રાઈડે નિમિત્તે મોટા ભાગના ખ્રિસ્તી શ્રદ્ધાળુઓ ઉપવાસ કરતા હોય છે. તેમજ વહેલી સવારે ચર્ચમાં જઈને પ્રાર્થના કરે છે જેને અનુલક્ષીને શહેરના તમામ ચર્ચોમાં વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. અત્યારે પ્રવર્તમાન કોવિડ-૧૯ મહામારીના પગલે ગાઈડલાઈન અનુસાર ફરજિયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તે ઉપરાંત સેનેટાઈઝરનો ઉપયોગ થાય તેવી પણ ચર્ચોમાં વ્યવસ્થા કરવામાં આવી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




બહેન આ પ્યાજ છે પ્યાજ... વ્યાજ નથી કે એના ભાવ ઓછા થાય...!!



કોરોનાનુ સંક્રમણ વધ્યુ છે ત્યારે ટેસ્ટીંગની સુવિધા વધારવામાં આવી છે. સેકટર-૨ ની પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાં કોરોનાના ટેસ્ટ માટે લાંબી કતારો જોવા મળી રહી છે. વહેલી સવારથી મોડી સાંજ સુધી અહીં ટેસ્ટ કરાવનારાઓની લાંબી કતારો જોવા મળે છે.